# દૂધસાગર ડેરીના પૂર્વ ચેરમેન વિપુલ ચૌધરીની અટકાયત

## બન્નેની અટકાયત બાદ ટૂંક સમયમાં કરાઈ શકે છે ધરપકડ : ડેરીમાં થયેલી લગભગ ૩૦૦ કરોડથી ઉપરની ઉચાપતના કેસમાં લાંબી તપાસ બાદ આ અંગેનો રિપોર્ટ ગૃહવિભાગ તથા પોલીસ ભવનને મોકલ્યા બાદ તેમની અટકાયત કરવામાં આવી છે

અમદાવાદ,તા.૧૫

યુવાનીથી રાજકારણ સાથે સંકળાયેલા અને દૂધસાગર ડેરીના પૂર્વ ચેરમેન વિપુલ ચૌધરીની અટકાયત કરવામાં આવી છે. વિપુલ ચૌધરીની સાથે તેમના પર્સનલ CA શૈલેષ પરીખની પણ અટકાયત કરવામાં આવી હોવાની વિગતો મળી રહી છે. આ અટકાયત બાદ ટૂંક સમયમાં તેમની ધરપકડ પણ કરાઈ શકે છે તેવા અહેવાલો પ્રાપ્ત થઈ રહ્યા છે. ડેરીમાં આર્થિક ગેરરીતિની ACBમાં નોંધાયેલી ફરિયાદના કેસમાં તેમની અટકાયત કરીને તપાસ કરવામાં આવી રહી છે. એવી પણ ચર્ચા છે કે તેમની ગેરરીતિના કેસના પડઘા છેક ગાંધીનગર સુધી પડ્યા બાદ આખરે ACB અને ક્રાઈમ બ્રાન્ચે તેમના ઘરે જઈને અટકાયત કરી લીધી છે. હવે આ અંગે ACB અને ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ટૂંક સમયમાં વધુ વિગતો પણ રજૂ કરવામાં આવી શકે છે. મળતી વિગતો પ્રમાણે દૂધસાગર ડેરીમાં જે ઉચાપત થઈ તેની ફરિયાદ બાદ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા તેની તપાસ કરવામાં આવી હતી, આ તપાસ બાદ રૂપિયા ૩૦૦ કરોડ જેટલી મોટી ઉચાપત થઈ હોવાનું ખુલ્યું હતું. આ અંગેનો રિપોર્ટ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ગૃહવિભાગની સાથે પોલીસ ભવનને પણ કરવામાં આવ્યો હતો.

આ પછી વિપુલ ચૌધરી અને તેમના CA સામે પગલા ભરીને આખરે અટકાયત કરવામાં આવી છે. અટકાયત બાદ વિપુલ ચૌધરી અને તેમના CA શૈલેષ પરીખને ACB ઓફિસ લઈ જવામાં આવ્યા છે અને તેમની ધરપકડ કરીને ઉચાપત અંગે વધુ જરુરી કાર્યવાહી હાથ ધરવામાં આવી શકે છે. ફરિયાદમાં કરોડોની રકમ સામે આવી છે ત્યારે હવે તેમની ધરપકડ બાદ આ કેસમાં કેટલાક વધુ ખુલાસા થવાની સંભાવના પણ વ્યક્ત કરવામાં આવી રહી છે. મહત્વનું છે કે ડેરીમાં ઉચાપત થઈ હોવાની વાતો સામે આવ્યા બાદ હોબાળો થયો હતો અને તેમની સામે ફરિયાદ થયા બાદ તપાસ હાથ ધરવામાં આવી હતી હવે તેમની અટકાયત કરી લેવામાં આવી છે અને ધરપકડ બાદ આ કેસમાં વધુ કેટલીક બીજા ખુલાસા થઈ શકે છે. ઉલ્લેખનીય છે કે, વિપુલ ચૌધરીને અગાઉ પણ જેલના હવાલે કરવામાં આવ્યા હતા ત્યારે વિધાનસભા ચૂંટણી પહેલા આ પ્રકારની કાર્યવાહી ઉત્તર ગુજરાતના રાજકારણમાં પણ અસર પાડી શકે છે. અગાઉ ૨૦૨૦માં બનાસ ડેરીમાં ૧૪.૮૦ કરોડના બોનસ કૌભાંડમાં વિપુલ ચૌધરીની ધરપકડ થઈ હતી.

વિપુલ ચૌધરી ૨૦૧૪માં દૂધસાગર ડેરીના વડા હતા પરંતુ ભ્રષ્ટાચારના આરોપોના કારણે તેમને અમૂલ અને દૂધસાગર એમ બંનેમાંથી કાઢી મૂકવામાં આવ્યા હતા.




### વિપુલ ચૌધરીની અટકાયત સામે અર્બુદા સેનામાં ભારે રોષ

ગુજરાતના પૂર્વ ગૃહમંત્રી અને દૂધસાગર ડેરી, મહેસાણાના ભૂતપૂર્વ ચેરમેન વિપુલ ચૌધરીની અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે અટકાયત કરી છે. વિપુલ ચૌધરીની અટકાયત બાદ અર્બુદા સેનામાં ભારે રોષ વ્યાપ્યો છે અને અર્બુદા સેનાના તમામ સભ્યો વિપુલ ચૌધરીના નિવાસ સ્થાને એકત્રિત થયા હતા. તેઓ સૌ સરકારે જે રીતે વિપુલ ચૌધરીની અટકાયત કરી તેનાથી રોષે ભરાયા છે અને સરકાર સામે બાથ ભીડવાની તૈયારી કરી રહ્યા છે. અર્બુદા સેનાના સદસ્યોના કહેવા પ્રમાણે રાજ્યના પૂર્વ ગૃહમંત્રીની આ પ્રકારે ધરપકડ કરવી તે યોગ્ય નથી અને અર્બુદા સેના આ મામલે સરકાર સામે આંદોલન પર ઉતરશે.

### દૂધસાગર ડેરી કૌભાંડ ૮૦૦ કરોડથી વધુનું હોવાનો એસીબીનો દાવો

અમદાવાદ, તા.૧૫

રાજ્યના પૂર્વ ગૃહ મંત્રી અને મહેસાણાની દૂધ સાગર ડેરીના પૂર્વ ચેરમેન વિપુલ ચૌધરી અને તેમના સીએ શૈલેષ પરીખની એસીબી (એસીબી) દ્વારા આર્થિક કૌભાંડોના મામલે ધરપકડ કરવામાં આવી છે. ખાનગી ગાડી અને સાદા કપડાંમાં પહોંચેલી પોલીસે ગાંધીનગરથી આ બંનેની ધરપકડ કરી હતી. વિપુલ ચૌધરી જ્યારે મહેસાણા દૂધ સાગર ડેરીના ચેરમેન હતા તે દરમિયાન આચરાયેલા કૌભાંડોના મામલે મહેસાણા એસીબીમાં નોંધાયેલી ફરિયાદ સંદર્ભે આ કાર્યવાહી કરવામાં આવી છે. શરૂઆતમાં જાણવા મળ્યું હતું કે, આ મામલો ૩૦૦ કરોડ રૂપિયાના કૌભાંડનો છે. જોકે, એસીબીએ જણાવ્યું હતું કે, આ કૌભાંડ ૮૦૦ કરોડ કે તેથી વધુનું હોઈ શકે છે.

આ રૂપિયા ક્યાં હેરફેર કરાયા હતા, તે અંગે જણાવા એસીબીના જોઈન્ટ ડાયરેક્ટરે કહ્યું કે, ચૌધરીએ પોતાના દૂધ સાગર ડેરીના ચેરમેન તરીકે કાર્યકાળ દરમિયાન પોતાની સત્તાઓનો ઉપયોગ કરી મોટાપાયે મિલ્ક કૂલરની ખરીદી કરી હતી. આ ખરીદીમાં સરકારની ગાઈડલાઈનનું ઉલ્લંઘન કરી આર્થિક ગેરરીતિ કરવામાં આવી હતી. આ ઉપરાંત ટેન્ડરિંગ પ્રક્રિયાનું અનુસરણ કર્યા સિવાય તેમણે ચેરમેન રહેવા દરમિયાન લગભગ ૪૮૫ કરોડ જેટલા રૂપિયાના બાંધકામો કરાવ્યા હતા. આ ઉપરાંત તેમને જ્યારે ડેરીના ચેરમેન પદેથી હટાવાયા ત્યારે તેમણે સહકાર વિભાગના ડેપ્યુટી સેક્રેટરી અપીલ સમક્ષ રિવિઝન અરજી દાખલ કરી હતી. એસીબીના જોઈન્ટ ડાયરેક્ટરે જણાવ્યું કે, આ એક વ્યક્તિગત બાબત હતી અને આ કેસ લડવા તેમણે જે વકીલ રાખ્યા હતા, તેનો ખર્ચ તેમણે મહેસાણા દૂધ ઉત્પાદક સંઘના ચોપડે ઉધાર્યો હતો. આ ઉપરાંત તેમણે બારદાણની ખરીદીમાં પણ ગેરરીતિ આચરી હોવાનું ચૌહાણે જણાવ્યું હતું. તેમણે કહ્યું કે, ઊંચા ભાવે બારદાણની ખરીદી કરી તેમણે ૧૩ લાખ રૂપિયા જેટલી આર્થિક ગેરરીતિ કરી છે. દૂધ સાગર ડેરીના પ્રચાર-પ્રસાર માટેના હોર્ડિંગ્સનો કોન્ટ્રાક્ટ પણ ઊંચા ભાવે આપી તેમણે ગેરરીતિ આચરી હતી.

# શહેર-જિલ્લામાં કોરોનાના વધુ ૧૧ કેસ

## શહેરમાં સે. ૧૨, ૨૯, ૨૦ તેમજ કુડાસણ-પાલજમાંથી કેસ મળ્યા : ગાંધીનગર-દહેગામ અને કલોલ તાલુકામાં બે-બે કેસ નોંધાયા

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાના કેસોમાં સતત ચડાવ-ઉતારની સ્થિતિ જોવા મળી રહી છે. જિલ્લામાં સંક્રમણ સ્થિર થયુ હોવાની વાતો તબીબી જગતમાં ચર્ચાઈ રહી છે.

ગાંધીનગર શહેર-જિલ્લામાં આજે કોરોનાના નવા ૧૧ કેસ નોંધાયા છે. જેમાં ગ્રામ્ય વિસ્તારમાં નવા ૬ કેસ અને ગાંધીનગર શહેરમાં નવા પાંચ કેસ નોંધાયા છે. આજે આ બધા કેસ લોકલ ટ્રાન્સમિશનથી નોંધાયાનું જાણવા મળેલ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના આજે વધુ ૬ કેસ નોંધાયા છે. જેમાં બે ગૃહિણી એક વિદ્યાર્થી એક શ્રમિક તેમજ ૭૫ વર્ષીય વૃદ્ધનો સમાવેશ થાય છે. જિલ્લાના દહેગામ, ગાંધીનગર અને કલોલમાંથી આજે બે-બે કેસ મળી આવેલ છે. જિલ્લાના અંતરિયાળ ગામોમાંથી જે રીતે કેસો સામે આવી રહ્યા છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે.

દહેગામ તાલુકામાં દહેગામ શહેરમાંથી એક તેમજ અમરભારતી ગામેથી એક કેસ મળી આવેલ છે. અમરભારતી ગામે ૧૮ વર્ષનો વિદ્યાર્થી સંક્રમિત થયો છે. ગાંધીનગર તાલુકામાં કોરોના માટે હોટસ્પોટ બનેલ અડાલજ અને પૂર્વ પટ્ટીમાં ઈસનપુર ગામેથી એક-એક કેસ મળી આવેલ છે. કલોલમાં કલોલ અર્બન-૨ વિસ્તારમાંથી તેમજ રાંચરડા ગામેથી એક-એક કેસ મળી આવેલ છે. કલોલ તાલુકામાં આજે નોંધાયેલા બન્ને કેસ મહિલા દર્દીના છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસો સાથે એક્ટીવ કેસની સંખ્યા ૨૨ થઈ છે. આજે નોંધાયેલા તમામ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે. ગ્રામ્ય વિસ્તારમાં ૧૧૭૦થી વધુ લોકોને હોમ આઈસોલેટ કરવામાં આવ્યા છે.

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના વધુ ૫ કેસ નોંધાયા છે. શહેરમાં આજે નોંધાયેલા કેસમાં બે મહિલા દર્દી છે. આજે નોંધાયેલા કેસોમાં બે કેસ શહેરમાં સમાવિષ્ટગ્રામ્ય વિસ્તારમાં નોંધાયા છે. શહેરમાં સે. ૧૨, ૨૯, ૨૦ તેમજ કુડાસણ અને પાલજ ગામેથી મળી આવ્યા છે. શહેરમાં આજે નોંધાયેલા તમામ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. શહેરમાં આજે નોંધાયેલા તમામ દર્દી લોકલ ટ્રાન્સમિશનથી સંક્રમિત થયાનું જાણવા મળેલ છે.

શહેરમાં મોટાભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ હોવાથી તંત્રએ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તે જોવા તાકીદ કરી છે તેમજ વેક્સિનેશન અભિયાન સઘન બનાવવા અને જાહેર સ્થાનો પર સોશ્યલ ડિસ્ટન્સીંગ જળવાઈ રહે તે જોવા જણાવ્યુ છે.

# ગિફ્ટ સિટી ખાતે IBM ઈન્ડિયા સૉફ્ટવેર લેબ્સનું ઉદ્ઘાટન

## મુખ્યમંત્રીના હસ્તે ઉદ્ઘાટન કરાયું : યુવાનો માટે નોકરીની નવીન તકો પણ ઊભી કરશે અને તેના ટેક-સેવી વ્યાવસાયિકોની ડિજિટલ કુશળતાને મજબૂત કરશે

ગાંધીનગર,તા.૧૫

ગાંધીનગર પાસે આવેલા ગિફ્ટ સિટી (ગુજરાત ઈન્ટરનેશનલ ફાઈનાન્સ ટેક સીટી) ખાતે રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા IBM ઈન્ડિયા સોફ્ટવેર લેબ્સનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ તકે સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગના મંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યું હતું કે, ભારતે ગ્લોબલ આઈટી ઈકોસિસ્ટમમાં લીડર તરીકે પોતાની ઓળખ બનાવી છે ત્યારે હવે ગુજરાત વિશ્વ સાથેની સ્પર્ધામાં પ્રવેશી ચૂક્યું છે.




ભારતીય IT ક્ષેત્રે રોજગાર અને આર્થિક મૂલ્ય નિર્માણના સંદર્ભમાં વૈશ્વિક IT લેન્ડસ્કેપમાં આપણા રાષ્ટ્રને નેતૃત્વની સ્થિતિએ સ્થાન અપાવ્યું છે. ગુજરાતમાં ફેબ્રુઆરી-૨૦૨૨માં ગુજરાત IT/ITeS નીતિ (૨૦૨૨-૨૭) લોન્ચ કરવામાં આવી હતી અને ત્યાર બાદ ટૂંકા સમયગાળ IT ક્ષેત્રમાં મોટા પ્રમાણમાં મૂડીરોકાણ ગુજરાતમાં થયા છે. છેલ્લા છ મહિનામાં ગુજરાતમાં ૧૫થી વધારે MOU થયા છે. જીતુ વાઘાણીએ વધુમાં ઉમેર્યું કે, ટોચની IT કંપની IBM એ એડવાન્સ રિસર્ચ અને ઈનોવેશન ફેસિલિટી સોફ્ટવેર લેબનો ગિફ્ટ સિટીમાં પ્રારંભ કર્યો છે. આ લેબ ઉચ્ચ ગુણવત્તાયુક્ત કૌશલ્ય નિર્માણને વેગ આપશે અને ગુજરાતના કુશળ યુવા આઈટી પ્રોફેશનલ્સ માટે નોકરીઓનું સર્જન કરવામાં મદદ કરશે. ગુજરાત IT/ITeS પોલિસી અંતર્ગત A, CLOUD, IoT, બ્લોકચેન જેવી નવીન ટેકનોલોજીઓમાં જાગૃતતા ધરાવતા કુશળ IT મેનપાવર તૈયાર કરવા અને તેમના માટે મૂલ્ય આધારિત નવીનતા માટે યોગ્ય વાતાવરણ ઊભું કરવાનું રાજ્ય સરકારનું લક્ષ્ય છે.

મંત્રી નવી IBM ઈન્ડિયા સૉફ્ટવેર લેબ રાજ્યની ડિજિટલ મહત્ત્વાકાંક્ષાઓને ઉત્પ્રેરિત કરશે, તે ઉપરાંત યુવાનો માટે નોકરીની નવીન તકો પણ ઊભી કરશે અને તેના ટેક-સેવી વ્યાવસાયિકોની ડિજિટલ કુશળતાને મજબૂત કરી રાજ્યના ડિજિટલ પરિવર્તનને વેગ આપશે. રાજ્યમાં અનેક યુવા પ્રતિભાઓ છે જે ડિજિટલ ટેક્નોલોજીમાં અત્યંત કુશળ છે અને નાગરિકો અને વ્યવસાયોને શ્રેષ્ઠ સેવાઓ પૂરી પાડવા માટે કામ કરી રહ્યા છે. આ કાર્યક્રમમાં સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગના સચિવ વિજય નહેરા, ગિફ્ટ સિટીના મેનેજિંગ ડિરેક્ટર તપન રે, IBM કંપનીના સિનિયર વાઈસ પ્રેસડેન્ટ ટોમ રોસામેલિયા, સીએચઆરઓ નિકલ લેમોરા, IBM સોફ્ટવેરના સિનિયર વાઈસ પ્રેસિડેન્ટ ગૌરવ શર્મા સહિત IBMના અધિકારી-કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### મેડકાર્ટે ડબ્લ્યુએચઓ-જીએમપી પ્રમાણિત જેનેરિક દવાઓ શોધવા, તેના અંગે જાણકારી મેળવવા અને તેને ખરીદવામાં મદદરૂપ થઈ શકાય તે માટે બે સમર્પિત ડિજિટલ પ્લેટફૉર્મ લૉન્ચ કર્યા

**આ પ્લેટફોર્મ પર ૯૯.૯% સારવારને આવરી લેનારા ૪,૦૦૦થી વધારે દવાઓના મોલેક્યુલ્સ દર્શાવવામાં આવ્યાં છે**

અમદાવાદ, તા.૧૫

લાંબાગાળાની અને જીવનશૈલી સંબંધિત બીમારીઓ સતત વધતી જઈ રહી હોવા છતાં અને પરિવારો પર તેનું આર્થિક ભારણ પણ સતત વધતું જઈ રહ્યું હોવા છતાં ભારતમાં દવાઓના કુલ વેચાણમાં જેનેરિક દવાઓનો માર્કેટનો હિસ્સો નજીવો છે. વાસ્તવમાં તો અભ્યાસોએ દર્શાવ્યું છે કે, કોઈપણ બીમારી પાછળ થતાં કુલ ખર્ચમાંથી ૭૬% ખર્ચ દવાઓ પાછળ થાય છે. ભારતની સરખામણીએ અમેરિકામાં ૮૫% પ્રીસ્ક્રિપ્શનોમાં જેનેરિક્સના નામો લખવામાં આવે છે, જ્યારે ભારતમાં ડૉક્ટરો દ્વારા લખી આપવામાં આવતાં પ્રીસ્ક્રિપ્શનોમાંથી માંડ ૧% પ્રીસ્ક્રિપ્શનમાં દવાઓના જેનેરિક નામ લખવામાં આવે છે, આથી જ ભારતમાં જેનેરિક દવાઓના માર્કેટના વિકાસનો ઘણો અવકાશ છે. આથી વિશેષ, સલામત અને પરવડે તેવા જેનેરિક વિકલ્પો અંગે જાગૃતિનો સર્વસામાન્ય અભાવ તેની લોકપ્રિયતા અને તેને મોટા પાયે અપનાવવાને આડે રહેલા મુખ્ય અવરોધોમાંથી એક છે. આ અવરોધને દૂર કરવા માટે ભારતમાં જેનેરિક દવાઓની અગ્રણી ઓમની-ચેનલ રીટેઈલર મેડકાર્ટે હાલમાં જ બે સમર્પિત ઓનલાઈન પ્લેટફૉર્મ લૉન્ચ કર્યા છે, જેમાંથી એક પોર્ટલ છે અને એક એન્ડ્રોઈડ મોબાઈલ એપ્લિકેશન છે, જે ગ્રાહકોને જનેરિક દવાઓ શોધવા, તેના અંગે જાણકારી મેળવવા અને આ દવાઓ ખરીદવામાં મદદરૂપ થશે (https://www. medkart.in/).

સરળતાથી ઉપયોગમાં લઈ શકાતું આ પ્લેટફૉર્મ જેનેરિક દવાઓ અંગે માહિતી પૂરી પાડે છે અને તેની મદદથી ગ્રાહકો ૯૯.૯% સારવારની ૪૦૦૦થી વધારે સલામત દવાઓના મોલેક્યુલ્સ માંથી સૌથી પરવડે તેવા વિકલ્પોને સમજી શકે છે અને પસંદ કરી શકે છે. (https://www. youtube. com/watch?v= NdYoEeYfbPo)

મેડકાર્ટના સહ-સ્થાપક અંકુર અગ્રવાલે જણાવ્યું હતું કે, 'કોઈપણ વ્યક્તિ બ્રાન્ડના નામથી તેમજ મોલેક્યુલના નામથી પણ દવાઓ શોધી શકે છે તથા ફક્ત ક્લિક અને સ્વાઈપ કરીને દરેક દવાની કિંમતો અને તેની સંરચનાની સરખામણી પણ કરી શકે છે. ઉદાહરણ તરીકે કોઈ ડાયાબિટીસના દર્દીને સિટાગ્લિપ્ટિન લખી આપવામાં આવી હોય તો, તેઓ આ બ્રાન્ડના નામથી અથવા તેના મોલેક્યુલના નામથી સર્ચ કરી શકે છે તથા તેઓ તેના તમામ ઉપલબ્ધ વિકલ્પો જાણકારી મેળવી શકે છે અને તેની કિંમતોની સરખામણી પણ કરી શકે છે. તેનાથી ગ્રાહકો સૂચિત નિર્ણયો લઈ શકશે અને તેની ગુણવત્તા પ્રત્યે આશ્વસ્ત રહી શકે છે, કારણ કે, મેડકાર્ટ પર રીટેઈલમાં વેચવામાં આવતી પ્રત્યેક જેનેરિક દવા ડબ્લ્યુએચઓ-જીએમપી પ્રમાણિત ઉત્પાદનકર્તાઓ પાસેથી મેળવવામાં આવે છે.'

### ખેડબ્રહ્મા અને પાનેલીમાં ૬-૬ ઈંચ ખાબક્યો : દ્વારકામાં ભારે વરસાદ

સાબરકાંઠા,તા.૧૫

રાજ્યમાં વરસાદના નવા રાઉન્ડમાં આજે લગભગ મોટાભાગના વિસ્તારોમાં ધીંગી મેઘમહેર થઈ છે. જે ને લઈને ખેડૂતોમાં કયાક ખુશી તો ક્યાંક ચિંતાના વાદળો છવાયા છે.

આજે આજે રાજ્યના આશરે ૧૨૦ તાલુકામાં વરસાદ નોંધાયો છે. જેમાં ભુજ અને બારડોલીમાં સવા ૪ ઈંચ તેમજ વેરાવળ અને વાસંદામાં ૩-૩ ઈંચ, જ્યારે વાપીમાં પોણા ૩ ઈંચ અને કોડીનાર, પલસાણામાં, ધરમપુરમાં સવા ૨ ઈંચ વરસાદ પડ્યો છે. તો ઉપલેટા, લિલિયા અને નાંદોદ સહીતના અનેક વિસ્તારોને આજે મેઘરાજાએ ધમરોળ્યા છે.

બીજી તરફ આજે દ્વારકા જિલ્લામાં ભારે વરસાદ ત્રાટક્યો હતો. જેને લઈને ભાટીયાના નીચાણવાળા વિસ્તારમાં લોકોના ઘરોમાં પાણી ભરાયા હતા. આથી ઘરવખરી અને અનાજ સહીતનો જથ્થો પલડી ગયો હતો. વધુમાં મુક્તેશ્વર મહાદેવ મંદિરનું વિશાળ તળાવ છલોછલ ભરાયુ હતું. તો દ્વારકામાં ભારે વરસાદથી ખેડુતો ચિંતામાં છે. કારણ કે ભાટીયા, ગોકલપર, ભોગાત સહિતના ગામોમાં ખેતરોમા પાણી ભરાયા હોવાથી પાકને નુકસાનીની ભીતિ સેવાઈ રહી છે. ઉપરાંત ખેડબ્રમ્હા અને ઉપલેટાના પાનેલીમાં ૬ ઈંચ જેટલો વરસાદ થતા ફૂલજર ડેમ ઓવરફ્લો થયો હતો. વધુમમાં વલસાડ જિલ્લામાં અવિરત વરસાદથી જંગલ વિસ્તારમાં નદી-નાળા ફરી જીવંત થયા હતા.

### GTUનાં ૬૦ જેટલા વિદ્યાર્થીઓને ભારત સરકારના પ્રોજેક્ટમાં કામ કરવાની તક મળશે

**અમૃત મહોત્સવ નિમિત્તે સમગ્ર દેશમાંથી ૭૫ સેટેલાઈટ લોન્ચ કરાશે : ૬ મહિનામાં સેટેલાઈટ લોન્ચિંગ માટેની કામગીરી પૂરી કરીને એક વર્ષમાં પ્રોજેક્ટ પૂર્ણ કરવામાં આવશે**

અમદાવાદ,તા.૧૫

આઝાદીના અમૃત મહોત્સવ નિમિત્તે સમગ્ર દેશમાંથી ૭૫ સેટેલાઈટ લોન્ચ કરાશે. ૭૫ માંથી ૨ સેટેલાઈટ અમદાવાદમાં આવેલી ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી અને ગુજરાત યુનિવર્સિટીનાં વિદ્યાર્થીઆ ISROનાં સહયોગથી લોન્ચ કરશે. રાજ્યની બે સરકારી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને ઈસરોના વૈજ્ઞાનિકો સાથે કામ કરવાની તક મળશે. GTU નાં ૬૦ જેટલા વિદ્યાર્થીઓને ભારત સરકારના પ્રોજેક્ટમાં કામ કરવાની તક મળશે. પ્રથમ વખત વિદ્યાર્થીઓ સેટેલાઈટ ક્ષેત્રેં જીઈ નાં વૈજ્ઞાનિકો સાથે રહી કામ કરશે. GTU દ્વારા છોડવામાં આવનાર સેટેલાઈટ કલાઈમેટ ચેન્જ ક્ષેત્રે સંશોધન કરશે. સેટેલાઈટના તમામ ડેટા ર્ેં નાં કેમ્પસમાં રીસિવ થશે. સેટેલાઈટના ડેટા રિસીવ કરવા માટે ૨ હજાર સ્કેવર ફૂટની જગ્યામાં સેટઅપ તૈયાર કરાશે. ૧ સેટેલાઈટ લોન્ચ કરવા માટે અંદાજે ૧ કરોડ રૂપિયાનો ખર્ચ થશે. તમામ ૭૫ સેટેલાઈટ દેશની જુદી જુદી યુનિવર્સિટીઓ દ્વારા લોન્ચ કરાશે.

ર્ેં નાં કુલપતિ નવીન શેઠે જણાવ્યું હતું કે, ભારત સરકાર દ્વારા સ્પેસ ટેકનોલોજીના જે કામ થઈ રહ્યું છે, તેનો વિદ્યાર્થીઓને લાભ મળશે. ઓપન સિલેકશનના માધ્યમથી ૬૦ જેટલા ર્ેંહસ્તકની કોલેજના વિદ્યાર્થીઓ આ પ્રોજેક્ટમાં કામ કરવાની તક અપાશે.

### બઘડાટી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. પુરતા વરસાદના અંતે પણ વાતવરણમાં ઠંડક પ્રવર્તી નથી. બીજીતરફ વરસાદી મોસમની અસરથી સેકટરોમાં ઠેર ઠેર વરસાદી સમસ્યાઓ સ્થાનિકો માટે રોષનુ કારણ બની છે. તુટેલી ફુટપાથો, રસ્તાઓ અને બંધ સ્ટ્રીટ લાઈટો સહીત ગંદકીની સમસ્યા પણ જટીલ બનતા નગરજનો પરેશાન બન્યા છે. વરસાદી દિવસોમાં સેકટરોમાં મચ્છરો અને જીવાતનો ઉપદ્રવ  વધતા સ્થાનિકો માથે રોગચાળાનો ખતરો મંડરાયો છે. શહેરમાં અત્યાર સુધી ૨૮ ઈંચ જેટલો વરસાદ થઈ ગયો છે. જો કે હવામાન તજજ્ઞોના મતે હજુ પણ વરસાદી ઝાપટા યથાવત રહેશે. શહેરીજનો હવે છેલ્લા ત્રણ મહીનાથી ભીંજારાની સિઝનથી તોબા પોકારી ગયા છે.

### અષાઢી નઝારો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગરબે રમવા થિરકી રહ્યા છે. શહેરમાં રોજબરોજ આકાશમાં અંગડાઈ લેતા અને ઝાપટા નાંખી જતા વરસાદી મિજાજ વચ્ચે નવરાત પર્વની તૈયારીઓ પણ ચાલી રહી છે. સેકટરોમાં પણ શેરી ગરબાના આયોજન સંદર્ભે બેઠકોનો દૌર ચાલી રહ્યો છે. જયારે ત્રણ વર્ષે સંસ્થાકીય ગરબા મહોત્સવના આયોજન માટે પણ વિશેષ ઉત્સાહ જોવા મળે છે. પરંતુ બે વર્ષ સુધી કોરોનાનુ ગ્રહણ નડયા બાદ આ વર્ષે નવરાત મહોત્સવની ઉજવણીમાં વરસાદ વિલન બનશે તેવો ભય પણ ગરબા પ્રેમીઓ માટે સતત ચિંતાનુ કારણ બન્યો છે. નવરાત્રિના દિવસો જેમ જેમ નજીક આવી રહ્યા છે. તેમ તેમ ખૈલેયાઓની આ ચિંતા સતત વધતી જાય છે જયારે બીજીતરફ આયોજકો પણ મુંઝવણમાં મુકાય તેવી સ્થિતિ છે. શહેરના સેકટરોમાં છેલ્લા બે મહીનાથી ગરબાના અવનવા સ્ટેપ્સ શીખવા માટે વર્ગો પણ ધમધમી રહ્યા છે. નવરાત્રિના મેદાનો તૈયાર કરવા માટે સફાઈ ચાલી રહી છે. પરંતુ મોસમના વિચિત્ર મિજાજે રોજબરોજ આકાશમાં ડોકીયુ કરતા ગરબા મહોત્સવના આયોજકોની ચિંતા વધારી દીધી છે. તો ગરબા પ્રેમીઓ પણ હવે બે વર્ષના અંતે મનમુકીને ગરબાની મજા માંણવા ઉત્સુક છે. પરંતુ સૌને નવરાત્રિ દરમિયાન મેઘરાજા મનમુકીને વરસશે તેવો ભય સતાવી રહ્યો છે. હવામાન તજજ્ઞો પણ સતત આગામી દિવસોમાં વરસાદની હાજરી હોવાના સંકેતો આપી રહ્યા છે. ત્યારે સેકટરોની સોસાયટીઓ તેમજ ન્યુ ગાંધીનગર ઉપરાંત શહેરમાં વિવિધ બે ઠેકાણે સંસ્થાકીય ગરબા મહોત્સવને અનુલક્ષી તડામાર તૈયારી કરવામાં આવી રહી છે. આ સ્થિતિ વચ્ચે મોસમનો મિજાજ કાંઈક વિચિત્ર રહેતા ખૈલૈયાઓ તેમજ ગરબા મહોત્સવના આયોજકોમાં ગરબા મહોત્સવની ઉજવણીમાં વરસાદ વિલન બનશે તેવો ભય અને ઉચાટ પ્રબળ બન્યો છે. રોજબરોજ નિખરતા વરસાદી વાતાવરણ વચ્ચે સોસિયલ મિડીયામાં પણ આ મામલે મેસેજીસની ભરમાર જોવા મળે છે. નવરાત્રિ ટાંણે વરસાદી મોસમ પુરબહારમાં છે ત્યારે ગરબા મહોત્સવને અનુલક્ષી અનેક સવાલો મંડરાયા છે આ મુદ્દો હાલ ટોક ઓફ ધ ટાઉન બન્યો છે.

### સસ્પેન્ડ

● અનુસંધાન પહેલાનું ચાલુ

વ્યક્તિની ઓળખ ગુપ્ત રાખવામાં આવશે તેની ખાતરી આપી છે. પોલીસે ૯૪૩૧૮૨૨૯૫૩ કે ૯૪૩૧૮૦૦૦૧૧ નંબર પર કોલ અથવા તો એસએમએસ, વ્હોટ્સએપ મેસેજ કરીને માહિતી આપવા જણાવ્યું છે.

આ કેસની તપાસ માટે ૪ ટીમ બનાવવામાં આવી છે અને દરેક એન્ગલથી તપાસ કરવામાં આવી રહી છે. પોલીસ દરેક સ્થળના સીસીટીવી ફુટેજ દ્વારા તસવીરો એકઠી કરીને આજુબાજુના જિલ્લામાં પણ પોલીસ તંત્રને સતર્ક કરી રહી છે.

આ ઘટના ફુલવરિયા, બછવાડા, તેઘડા અને ચકિયા થાણા વિસ્તારમાં બની હતી અને તે વિસ્તારોની નાકાબંધી કરવાની સાથે બોર્ડર પણ સીલ કરી દેવાઈ છે.

પોલીસે તાજેતરમાં જેલમાંથી છૂટેલા અને તેમની રડારમાં હોય તેવા લોકોના સ્થળે દરોડા પાડવાનું પણ શરૂ કર્યું છે અને ૫ લોકોને કસ્ટડીમાં પૂરવામાં આવ્યા છે. સીસીટીવી ફુટેજ પરથી ૨ મોટરસાઈકલ પર સવાર ૪ લોકો વિશે તપાસ હાથ ધરવામાં આવી છે.

### ધમકી

● અનુસંધાન પહેલાનું ચાલુ

આ સાથે જ પોસ્ટર દ્વારા એવો પણ દાવો કરવામાં આવ્યો કે, જમ્મુ-કાશ્મીરના પૂર્વ મુખ્યમંત્રીએ અગાઉ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સાથે પણ મુલાકાત કરી હતી.  આર્ટિકલ ૩૭૦ની પુનઃસ્થાપના પર આઝદે કહ્યું કે, તેમણે તેની સંભાવનાથી ક્યારેય ઈનકાર નથી કર્યો પરંતુ તેમની રાય હતી કે, તેમાં સમય લાગી શકે છે. તેમણે કહ્યું કે, 'મેં એવું નથી કહ્યું કે, આર્ટિકલ ૩૭૦ પુનઃસ્થાપિત કરી શકાય નહીં. કાં તો તે મોદી દ્વારા પુનઃસ્થાપિત કરવામાં આવશે જેમ કે તેમણે કૃષિ કાયદાના કિસ્સામાં કર્યું હતું કારણ કે તેમની પાસે બહુમતી છે હું તેમને અથવા તેમની કેબિનેટને તેના પર રાજી નહીં કરી શકું. રવિવારે પણ જમ્મુમાં એક રાજકીય રેલી દરમિયાન તેમણે કહ્યું હતું કે, હું આર્ટિકલ ૩૭૦ને હટાવવાને લઈને લોકોને ગેરમાર્ગે નહીં દોરીશ. આર્ટિકલ ૩૭૦ હટાવવા માટે સંસદમાં બે તૃતીયાંશ બહુમતી જરૂરી છે. મેં મારા જીવનમાં કોંગ્રેસ ૩૫૦-૩૬૦ બેઠકો જીતતા નથી જોઈ.

### હાજર થઈ

● અનુસંધાન પહેલાનું ચાલુ

જેક્લિન આ મુદ્દે ઉકળાટ પણ ઠાલવી ચૂકી છે. તેના દાવા અનુસાર પોતે પણ આ કેસમાં ઠગાઈનો ભોગ જ બની છે. જોકે સુકેશની સહયોગી પિકી ઈરાની એ જેક્લિનની હાજરીમાં જ દિલ્હી પોલીસ ને જણાવ્યું હતું કે તેને સુકેશનાં ગુનાની પેહલેથી જાણ હતી.

દિલ્હી પોલીસ ની આર્થિક અપરાધ નિવારણ શાખા દ્વારા ગઈકાલે સાડા આઠ કલાક સુધી જેક્લિનની પૂછપરછ કરવામાં આવી હતી. જેકલીનને સુકેશ સાથેનાં તેના સંબંધો અંગે સવાલો પૂછવામાં આવ્યા હતા.